For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

એ.એચ.ટી.યુ.ની ટીમ દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો

જેતલપુર રોડ પરથી સ્પાની આડમાં ધમધમતું કૂટણખાનું ઝડપાયું

મેનેજરની ધરપકડ, માલિક વોન્ટેડ

બે થાઈલેન્ડની પરપ્રાંતીય યુવતીઓ મળી આવી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરના જેતલપુર રોડ પર ચીકુવાડી વિસ્તારમાં આવેલા એપાર્ટમેન્ટમાં સ્પાની આડમાં ચાલતા કુટણખાનામાં એએચટીયુની ટીમે દરોડો પાડયો હતો. ત્યારે સ્પામાંથી બે થાઈલેન્ડની પરપ્રાંતીય યુવતીઓ મળી આવી હતી. પોલીસે મેનેજરની ધરપકડ કરી માલિકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં સ્પાની આડમાં દેહ વ્યાપારના ગોરખધંધા ચાલતા હોય છે. જેના પર અવારનવાર એ.એચ.ટી.યુ.ની ટીમ દ્વારા સપાટો બોલાવવામાં આવતો હોય છે. 14 ઓક્ટોબરના રોજ એએચટીયુની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે જેતલપુર રોડ ચીકુવાડી વિસ્તારમાં અમીધારા એપાર્ટમેન્ટમાં સ્પાની આડમા સંચાલક બહારથી યુવતીઓ બોલાવીને કુટાણખાનું ચલાવે છે. જેમાં ગ્રાહકો પાસેથી યુવતી દીઠ 1000 થી 1500 રૂપિયા ઉઘરાવવામાં આવતા હોય છે. જેના આધારે એએચટીયુની ટીમ દ્વારા બાદ બાતમી મુજબના ડેવીન્સ સલુન એન્ડ સ્પામા દરોડો પાડયો હતો.

ત્યારે સ્થળ પરથી બે થાઈલેન્ડની યુવતીઓ મળી આવી હતી. જેથી પોલીસે સ્પામાથી હાજર મળી આવેલા મેનેજર દેવેન્દ્ર ભીખા વાળંદ (રહે ચંદ્રવિલા ફ્લેટ સુભાનપુરા મૂળ ભરૂચ)ને ઝડપી પાડયો હતો. જ્યારે સ્પાના માલિક જયદીપ ભાસ્કર પંડિત (રહે.ભાયલી)ને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

અંકલેશ્વરમાં પકડાયેલા 5 હજાર કરોડના ડ્રગ્સનો રેલો વડોદરામાં પહોંચ્યો, એકની અટકાયત કરાઈ

વડોદરાના કન્સલ્ટન્ટ અમિત મૈસૂરિયાની ધડપકડ કરી

વડોદરાના કન્સલ્ટન્ટ મારફતે તેમની જરૂરિયાત મુજબ કેમિકલ બનાવવાનો ઓર્ડર આપ્યો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.15

અંકલેશ્વર જીઆઈડીસીની આવકાર ડ્રગ્સ પ્રા.લિ.કંપનીમાંથી વિપુલ માત્રામાં કોકેઈનનો જથ્થો ઝડપાયો હોવાના કેસમાં દિલ્હી પોલીસે વડોદરમાંથી પણ સોમવારે મોડી સાંજે એક શખ્સની અટકાયત કરી છે. કંપનીના ડિરેક્ટરો અશ્વિન રામાણી,બ્રિજેશ કોઠીયા, વિજય ભેસાણિયા તેમજ કંપનીના કેમિસ્ટ મયુર દેસલે, વડોદરાના રહીશ અને કન્સલ્ટન્ટ અમિત મૈસૂરિયાની ધડપકડ કરી હતી.

અંકલેશ્વર જીઆઈડીસીમાં વિવિધ ફાર્મા ઈન્ટરમીડીયટનુ જોબ વર્ક કરતી આવકાર ડ્રગ્સ પ્રા. લિમિટેડ કંપનીમાંથી દિલ્હી અને ગુજરાત પોલીસની સંયુક્ત ટીમને ૫૧૮ કિલો કોકેઈનનો મોટો જથ્થો મળ્યો હતો. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત રૂ.૫૦૦૦ કરોડ જેટલી થાય છે. પોલીસે ગત મોડી રાત્રે કંપનીના ડિરેક્ટરો અશ્વિન રામાણી, બ્રિજેશ કોઠીયા, વિજય ભેસાણિયા તેમજ કંપનીના કેમિસ્ટ મયુર દેસલે, વડોદરાના રહીશ અને કન્સલ્ટન્ટ અમિત મૈસૂરિયાની ધડપકડ કરી હતી. મોડી રાત્રી સુધી પોલીસે કંપનીમાં સઘન શોધખોળ હાથ ધરી હતી. પાંચ હજાર કરોડની કિંમતના કોકેઈનનું ઉત્પાદન કરતી આ કંપનીમાં આજે સવારે પણ પ્લાન્ટ ચાલુ જોવા મળ્યો હતો. આજે સવારે પાંચેય આરોપીને અંકલેશ્વર કોર્ટમાં લઈ જવાયા હતા અને દિલ્હી પોલીસે ટ્રાન્ઝીટ રિમાન્ડની માંગ કરી હતી. ૭૨ કલાકના ટ્રાન્ઝીટ રિમાન્ડ મેળવી તમામ આરોપીઓને વધુ તપાસ માટે દિલ્હી લઈ જવાશે. દિલ્હીથી અંકલેશ્વરની આવકાર કંપનીને વડોદરાના કન્સલ્ટન્ટ મારફતે તેમની જરૂરિયાત મુજબ કેમિકલ બનાવવાનો ઓર્ડર આપ્યો હતો. ૫૧૮ કિલો કોકેઈન અંકલેશ્વરમાં ઓર્ડર આપી બનાવવામાં આવ્યુ હોવાનુ બહાર આવતા કંપનીમાં વધુ ઓર્ડર હોવાની આશંકાએ છાપો મારવામાં આવ્યો હતો. કંપનીમાં તપાસ દરમિયાન દિલ્હી મોકલવા માટે ઓર્ડર પ્રમાણે ઉત્પાદન કરવામાં આવતુ હોવાનુ જાણવા મળ્યુ હતુ. જે વાહનોમાં કોકેઈન દિલ્હી મોકલાતુ હતુ તે વાહનોમાં જીપીએસ સિસ્ટમ લગાવવામાં આવતી હતી અને તેના આધારે આ રેકેટ ઝડપાયુ હોવાનુ સુત્રો જણાવી રહ્યા છે.

અમેરિકામાં સ્ટુડન્ટ વિઝાની લાલચે રૂપિયા દોઢ લાખની છેતરપિંડી

બે માસ ઉપરાંત થવા છતાં પાસપોર્ટ તથા રૂપિયા પરત આપવા આનાકાની કરતાં શક પડ્યો

સ્ટુડન્ટ વિઝા અંગેની કોઇપણ પ્રકારની પ્રોસેસ સુધ્ધાં કરી ન હતી

(પ્રતિનિધિ) વડોદરા તા. 15

દશરથના યુવકે એક ખાનગી પ્રિન્ટ મિડિયામાં જાહેરખબર થકી વિદેશ યાત્રાની જાહેરાત થી અંઝાઇ સંપર્ક કરી અમેરિકા સ્ટુડન્ટ વિઝા પર જવાના નામે રૂ 1,50,017 ની છેતરપિંડી નો ભોગ બન્યો હોવાનો એક કિસ્સો સામે આવ્યો છે જે અંગેની પોલીસ ફરિયાદ છાણી પોલીસ સ્ટેશને નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ગુજરાતીમાં એક કહેવત છે કે 'જ્યાં લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે' લોકો વિદેશ જવાની ઘેલછામાં લેભાગુઓ નો ભોગ બની રહ્યાં છે આવો જ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં દશરથ ગામે આવેલ નીલદીપ સોસાયટીમાં મ.નં 25મા રહેતા સીમીલકુમાર પોપટભાઇ પટેલ (ઉ.વ.26) નામનો યુવક અભ્યાસ સાથે સાથે જી.એસ.એફ.સી. કંપનીમાં કોન્ટ્રાક્ટમા નોકરી કરે છે તેણે ગત ઓક્ટોબર-2022 માં એક ખાનગી દૈનિક અખબારમાં "લેવીસ ઈન્ટરનેશનલ" ની વિદેશમાં વિઝા મળવા માટેની જાહેરખબર વાંચી તે જાહેરખબરમાં જણાવેલા મોબાઈલ નંબર પરથી સંપર્ક કરતાં ભાવિનભાઇ પરીખનાઓ સાથે વાતચીત થઇ હતી જેમાં અમેરિકામાં સ્ટુડન્ટ વિઝા માટે વાત થઇ હતી અને ભાવિન પરીખ ગત 26ઓક્ટોબર 2022મા સીમીલના ઘરે આવ્યા હતા અને સ્ટુડન્ટ વિઝા પ્રોસેસ માટે રૂ.1,50,000 ની માગણી કરી હતી જેથી સીમીલે તે જ દિવસે " લેવીસ ઈન્ટરનેશનલ" રૂ1,25,017 તથા રૂ.25000મળીને કુલ રૂ. 1,50,017 ભાવિનભાઇના ખાતામાં જમા કરાવ્યા હતા.

ભાવિનભાઇ એ બે માસમાં સ્ટુડન્ટ વિઝા મળી જશે તેમ જણાવ્યું હતું અને પાસપોર્ટ તથા અન્ય જરૂરી ડોક્યુમેન્ટ મેળવી લીધા હતા પરંતુ ત્યારબાદ કોઇપણ પ્રકારની પ્રોસેસ કરી ન હતી જેથી સીમીલભાઇએ પરત પાસપોર્ટ, ડોક્યુમેન્ટ અને નાણાં માંગતા ભાવિન પરીખ "થોડા સમયમાં તમારા સ્ટુડન્ટ વિઝા નું કામ કરી આપીશ" તેમ જણાવી ભરોસો આપ્યો હતો પરંતુ ત્યારબાદ આજદિન સુધી કોઈ પ્રોસેસ કરી ન હતી અને પૈસા, ડોક્યુમેન્ટ,પાસપોર્ટ અંગે આનાકાની કરતાં આખરે સીમીલ પટેલે ભાવિન પરીખ વિરુદ્ધ છાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

માણેજા ક્રોસિંગ પાસે મોપેડ ચાલકને અડફેટે લઈ ક્રેઈન ચાલક ફરાર

■ માણેજા ક્રોસિંગ પાસે માતેલા સાંઢની ગતિએ પસાર થઈ રહેલા હાઈડ્રા ક્રેન ચાલકની ગંભીર બેદરકારી સામે આવી છે. એક્ટીવા પર સવાર એક ચાલકને અડફેટે લેતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેને સ્થાનિક લોકો દ્વારા 108 મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ એક્ટિવા ચાલકની તબિયત ખૂબ જ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે સમગ્ર બનાવે ઘટના સ્થળ ઉપરથી ક્રેન ચાલક નાસી છૂટયો હતો. બનાવ અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

કોર્પોરેશન દ્વારા ખાદ્ય પદાર્થોની તપાસ ઝુંબેશ ચયાવત

ખેતેશ્વર સ્વીટ્સ સહિત 17 એકમના નમૂના સબ સ્ટોન્ડર્ડ અને 1 અનસેફ

મૂલ મલાઈ, પનીર, ઘી ,માવો કપાસિયા તેલ ,સીંગતેલ ,પામોલીન તેલ ,સોયાબીન તેલ સહિતના નમુના સબસ્ટાન્ડર્ડ જાહેર

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા કોર્પોરેશનના આરોગ્ય વિભાગે ગણેશોત્સવ તેમજ નવરાત્રી તહેવારો દરમ્યાન શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં ખાદ્ય પદાર્થોના નમૂના લીધા હતા જેમાં એક નમૂનો અન સેફ અને 17 નમુનાઓ સબ-સ્ટાન્ડર્ડ આવેલ છે. જેમાં વેપારીઓ સામે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

શહેર નાં અલગ અલગ વિસ્તારમાં જાહેર જનતાનાં આરોગ્યની સુખાકારી ધ્યાને લઈ કોર્પોરેશનના ડેઝીગ્નેટેડ ઓફિસર અને અધિક આરોગ્ય અમલદારના માર્ગદર્શન હેઠળ ખોરાક શાખાનાં ફૂડ સેફટી ઓફીસરો દ્વારા ગણેશોત્સવ તેમજ નવરાત્રી તહેવારો દરમ્યાન જુદા-જુદા વિસ્તારોમાં ઘી, જુદી જુદી બ્રાન્ડ ના તેલ, કોકો પાવડર, મેદા, માવો, બુંદી, પાલક, સેવ, જ્યુસ વિગેરેનું વેચાણ કરતા ઉત્પાદક પેઢીઓ, હોલસેલ, રીટેલ દુકાનો, રેસ્ટોરન્ટ, ફુડ વેન્ડીંગ એસ્ટાબ્લીસમેન્ટ, ડેરી વિગેરેમાં સઘન ઈંસ્પેકશનની કામગીરી કરવામાં આવી હતી.

ખોરાક શાખાના ફૂડ સેફટી ઓફીસરો દ્વારા સમાં સાવલી, ગોત્રી, બસ સ્ટોપ, નિઝામપુરા, ઓપી રોડ, સયાજીગં, માંજલપુર વિસ્તારમાંથી ખાદ્ય પદાર્થ નમુના લેવાયા હતા. આરોગ્ય વિભાગ દ્વારા અમૂલ મલાઈ, પનીર, ઘી ,માવો કપાસિયા તેલ ,સીંગતેલ ,પામોલીન તેલ ,સોયાબીન તેલ સહિતના નમુના સબસ્ટાન્ડર્ડ જાહેર કરાયા હતા. વિવિધ વિસ્તારોમાં આવેલી ઉત્પાદક પેઢીઓ, રીટેલ દુકાનો, રેસ્ટોરન્ટ, ફુડ વેન્ડીંગ એસ્ટાબ્લીસમેન્ટ, ડેરીમાંથી ઘી, જુદી-જુદી બ્રાન્ડના તેલ, કોકો પાવડર, મેદા, બુંદી, પાલક સેવ, જ્યુસ વિગેરેનાં 18 નમુના ફુડ એનાલીસ્ટ, પબ્લીક હેલ્થ લેબોરેટરી, ફતેગંજ ખાતેના પૃથ્થકરણ રીપોર્ટ આધારે અપ્રમાણસરના જાહેર થયા છે. જે પૈકી એક નમુનો અનસેફ અને 17 નમુનાઓ સબ-સ્ટાન્ડર્ડ આવ્યા છે. જેના વેપારીઓની સામે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ અન્વયે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સબ સ્ટાન્ડર્ડ અને અનસેફ એકમોની યાદી

(1) **ડીલક્ષ વેફર :** કરસણભાઈ કરજીયા, વડસર **મેદા(લુઝ)**

(2) **જયઅંબે :** વિમલ પટેલ, સમા સાવલી રોડ, **અમુલ મલાઈ પનીર (કંપની પેક)**

(3) **ગુરુકૃપા પ્રોવીઝન સ્ટોર :** અશ્વીનભાઈ અંબાણી, ઝવેરનગર બસ સ્ટોપ પાસે, **સીંગતેલ (અંકુર)**

(4) **ખેંચીઘર ડેરી ફાર્મ :** રૂપલ વીરાડીયા, ગોત્રી રોડ, **ઘી (લુઝ)**

(5) **શ્રી ખેતેશ્વર સ્વીટ0એન્ડ ફરસાણ માર્ટ :** સત્યનારાયણ રાજપુરોહિત, ઓ પી. રોડ, **માવો (લુઝ)**

(6) **રાજ રાજેશ્વરી જયુરા એન્ડ આઈસર ક્રીમ :** શ્રી મોહિત રાજેન્દ્ર મહેશ્વરી, નીઝામપુરા, **પાઈનેપલ જ્યુસ (લુઝ)**

(7) **શ્રી લક્ષ્મી સ્વીટ & એન્ડ ફરસાણ,** યાદવ મનોજકુમાર આત્મીય હાઇટ્સ,માણેજા, **બુંદી (સ્વીટ) (લુઝ)**

(8) **શ્રી દ્વારકાધીશ કાઠીયાવાડી રેસ્ટોરન્ટ,** અનીતાબેન બારીયા, નવદુર્ગા શોપીંગ સેન્ટર, નીઝામપુરા, **કપાસીયા તેલ**

(9) **શીવ કરસાણ રાજકોટવાળા :** અજય કલાણીયા, ગાત્રજ્યોતી આશ્રમ પારસે, ઈલોરાપાર્ક, **પાલક સેવ (લુઝ)**

(10) **હર સીધ્ધી ટ્રેડીંગ :** મહેન્દ્રભાઈ સી પટેલ, રાજમહેલ રોડ, **કોકો પાવડર (લુઝ)**

(11) **પવનપુત્ર સેલ્સ,** વીધી સુશીલ ચૌહાણ, રાજમહેલ રોડ, **કોકો પાવડર (લુઝ)**

(12) **ઉર્વેશ પંકજભાઈ પટેલ,** નેચરલ ડેરી, ૧૪/સીધ્ધી ચેનાયક કોમ્પલેક્ષ, પંચશીલની સામે, માંજલપુર, **લેસ્નુ હ્યુ (લુઝ)**

(13) **નેચરલ ડેરી :** ઉર્વેશ પટેલ, ૧૪/સીધી ચેનાયક કોમ્પલેક્ષ, પંચશીલની સામે, માંજલપુર, **ઘી (લુઝ)**

(14) **બુમીયા ફુડ્સ :** નીતીન બંસીલાલ બુમીયા, સદરબજાર ચાર રસ્તા, ફતેગંજ, **ઘી (લુઝ)**

(15) **તાજ ડેરી ડાર્મ :** યુસુફભાઈ જુજરભાઈ અમરેલીવાલા, એ/૧/ મેમણ શોપીંગ સેન્ટર, પાણીગેટ, **ઘી (લુઝ)**

(16) **અમરનાથ ટ્રેડીંગ કં. :** ચંદ્રવદન ગાંધી, નાની શાકમાર્કેટ સામે, પ્રતાપનગર રોડ, વિમલ પ્યોર ગોલ્ડ માઇક્રો ફિલ્ટર્ડ **સીંગતેલ (ફોર્ટીફાઈડ વીથ વીટામીન એ & ડી) (કંપની સીલપેક)**

(17) **કીરણ ઓઈલ ડેપો :** અંસારી ઈરફાન અલી દ્/એપાર્ટમેન્ટ નં.એ/૨, નટરાજ ટાઉનશીપ, સયાજીગંજ, **પામોલીન તેલ(લુઝ)**

(18) **કીરણ ઓઈલ ડેપો :** અંસારી ઇરફાનઅલી દ્/એપાર્ટમેન્ટ નં.એ/૨, નટરાજ ટાઉનશીપ, સયાજીગંજ, **સોયાબીન તેલ(લુઝ)**

તમામ કર્મીઓનો મેયર દ્વારા નિમણૂંક પત્ર એનાયત કરાયા

આંદોલન સફળ : આખરે સફાઈ 140 કર્મચારીઓને કાયમી કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા મહાનગરપાલિકામાં કોરોનાના કપરા સમય દરમિયાન કામગીરી કરનાર 140 જેટલા સફાઈ સેવકોને આજે વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે મેયરની અધ્યક્ષતામાં કાયમી કરાતા તમામ કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

વડોદરા મહાનગરપાલિકાના વર્ગ ચાર ખાસ કરીને સફાઈ સેવકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ મળે તે હેતુથી એક પ્રયત્ન કરવામાં આવ્યો છે. માનવતાના ધોરણે વડોદરા મહાનગર પાલિકા દ્વારા આ સમરસ હોસ્પિટલમાં જે વખતે કામ કર્યું હતું. એ લોકોને સમરસ માનવતા દિન તરીકે સફાઈ કર્મચારી તરીકે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કોર્પોરેશનમાં સમાવેશ કરવામાં આવે તેવો નિર્ણય કરવામાં આવ્યો છે. જ્યારે માનવતા દિન તરીકે એપોઈન્ટ કરવામાં આવતા હોય છે. ત્યારે તેઓને બધી જ ફેસીલીટી નો સમાવેશ કરવામાં આવ્યો છે. એ આયોજન કરવામાં આવ્યું છે, અને સાથે સાથે ઉલ્લેખનીય છે કે, જ્યારે માનવ દિન સફાઈ દિનના સફાઈ સેવકો સતત સેવા આપે ત્યારે એમને રોજમદારીમાં ચડાવામાં આવે છે. ત્યારે તેમનું મેડિકલ એલાઉન્સિસ શરૂ કરવામાં આવતું હોય છે. ત્યારે રોજમદારી સફાઈ સેવક તરીકે 720 દિવસ પૂર્ણ થયેલી તેમને કાયમી ધોરણે નોકરીએ એટલે કે કોર્પોરેશનમાં સફાઈ સેવક કામદાર તરીકે નિમણૂક કરવામાં આવતી હોય છે. આજરોજ આ સૌ સમરસ સફાઈ સેવકોને સમરસ માનવ દિન 140 જેટલા સફાઈ સેવકોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યો છે તેમ મેયર પિન્કી બેન સોનીએ જણાવ્યું હતું.

લક્ષ્મીનારાયણનું પૂજન કરવાથી ઘરમાં સુખ શાંતિ અને આરોગ્યની પ્રાપ્તિ થાય

આજે શરદપૂર્ણિમાની શહેરમાં ઉજવણી અનેક જગ્યાએ ગરબાનું આયોજન પણ કરાશે

વિદ્વાન બ્રાહ્મણો જોડે શ્રી સૂક્તના 16 પાઠ કરાવવા સાથે વિષ્ણુ સહસ્ત્રના નામના પણ પાઠ કરવા લાભકારી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

આવતીકાલે આસો સુદ પૂનમ એટલે શરદ પૂર્ણિમા આ દિવસે ચંદ્રમાં પોતાની પૂર્ણ કરાયેલા હોય છે અને આ રાત્રી દરમિયાન ભગવાન ચંદ્રમાને ખીર અર્પણ કરવી જોઈએ ચંદ્રના કિરણો એ ખીર પર આપવાથી રોગોમાંથી રાહત મળે છે માટે ચંદ્રને આ દિવસે ખાસ દૂધમાંથી બનાવેલ ખીર અર્પણ કરવી

વિશેષ કરી શરદપૂર્ણિમાએ દિવસે ભગવાન લક્ષ્મીનારાયણના પૂજનનું ખૂબ વિશેષ મહત્વ છે આ દિવસે ખાસ કરીને લક્ષ્મીનારાયણનું પૂજન કરવાથી ઘરમાં સુખ શાંતિ અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે શરદપૂર્ણિમાના દિવસે ખાસ કરીને વિદ્વાન બ્રાહ્મણો જોડે શ્રી સૂક્તના 16 પાઠ કરાવવા સાથે વિષ્ણુ સહસ્ત્રના નામના પણ પાઠ કરવા લાભકારી રહે ભગવાન વિષ્ણુને સહસ્ત્ર તુલસીદલ અર્પણ કરવા ખાસ કરીને ચંદ્ર મહારાજને અને શ્રીકૃષ્ણને ખીરું નું નૈવેદ્ય અર્પણ કરવું રીંમ ચંદ્રાય નમઃ, કલિમ કૃષ્ણય નમઃ આ મંત્ર ની એક માળા કરવી.

ખાસ કરીને જે જાતકોને ચંદ્ર નબળો હોય આત્મવિશ્વાસ નબળો હોય સાથે નકારાત્મક વિચારો આવતા સાથે નિર્ણય શક્તિ શૂન્ય હોય અથવા નબળી હોય એવા જાતકોએ ખાસ કરીને આજના દિવસે ચંદ્રની ઉપાસના કરવી જોઈએ ચંદ્ર સ્તોત્રના પાઠ કરવા જોઈએ એ લાભકારી રહે અથવા રીમ ચંદ્રાય નમઃ આ મંત્ર ના જપ કરવા તેવુંજ્યોતિષાચાર્ય સત્યમ મહેન્દ્રભાઈ જોષીએ જણાવ્યું હતું.

કોયલી બીપીસીએલ કંપનીના ટેન્કરમાંથી પાઈપ વડે ડીઝલ કાઢતા હતા

ટેન્કરમાંથી ડીઝલ ચોરી કરતા બે ઈસમોને 29 લાખના મુદામાલ સાથે SOG પોલીસે ઝડપી પાડ્યા

બંને આરોપીઓને મુદામાલ સાથે જવાહરનગર પોલીસને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા રણોલી રોડ ખાતે આવેલી ખુલ્લી જગ્યામાં BPCLના ડીઝલ ભરેલ ટેન્કરમાંથી પાઈપથી કારબામા ડીઝલની ચોરી કરનાર બે ઈસમોને રૂ. 29,17,310ના મુદામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ડી. રાતડાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આઈ.જે. રાઉલજી તથા એસ.ઓ.જી.સ્ટાફ વડોદરા રણોલી રોડ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન મળેલી બાતમીના આધારે આ વિસ્તારમાં મોબાઈલ ટાવરની સામે આરીફ ઓટો ઈલેક્ટ્રિક દુકાનની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં ડીઝલ ભરેલી ટેન્કર નં. જીજે.૦૬-બીટી-4012 નો ડ્રાઈવર રતનસિંહ રાઠોડ તથા ક્લીનર સુરેશ પગી નાઓ ભેગા મળીને ટેન્કરમાંથી ગેરકાયદેસર રીતે ચોરી કરતા હોય બંને ઈસમોને રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યા હતા અને તેઓની પૂછપરછ કરતા તેઓ લક્કી રોડવેઝના માલિક લક્ષ્મણ રાયસીંગભાઈ ભરવાડના ટેન્કર માં કંપનીના ઓર્ડર મુજબ કોયલી BPCL કંપનીમાંથી ટેન્કરમા ચોવીસ હજાર લીટર ડીઝલનો જથ્થો લઈને લુવારા ભરુચ ખાતે BPCL કંપનીના પંપ પર ખાલી કરવા માટે જવા નિકળેલા દરમિયાન દર વખતની ટ્રીપ મુજબ ટેન્કર માલિક લક્ષ્મણભાઈના કહ્યા પ્રમાણે અલગ અલગ જગ્યાએ ટેન્કર ઉભું રાખી પાઈપ વડે ડીઝલ કારબામા ભરી ડીઝલ ચોરી કરી ટેન્કર માલિકને આપતા હોવાનું જેની અવેજીમાં માલિક પગાર ઉપરાંત વધારાના રૂપિયા કમિશન પેટે આપતો હોવાનું જણાવ્યું હતું જે અંગે એફ.એસ.એલ.અધિકારીને સ્થળ પર બોલાવી તપાસ કરાવતા ડીઝલ ભરેલ ટેન્કર,ચોરી કરેલ ડીઝલ કારબા, રોકડ રકમ, મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 29,17,310નો મુદામાલ મળી આવેલ જે અંગે બંને આરોપીઓને મુદામાલ સાથે જવાહરનગર પોલીસ સ્ટેશને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.